# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૯ № 143 તારીખ: 13 SEP 2019

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,
સોલંકી ભારૂભાઇ હાજાભાઈ
રહે. ગામ-પડાણા, ઇન્દીરા આવાસ,
તા- ગાંધીધામ- કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૭૧૨૦ ૩૯૩૦૬

વિષય :– કેસ નંબર પીજી ૦૨/૦૦૨/૨૦૧૯-૨૦
સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૨/૦૦૨/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ
(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, રામબાગ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ № 1 4 3

તારીખ: 13 SEP 2019

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-002-2019-20.

અરજદાર: શ્રી સોલંકી ભારુભાઈ હાજાભાઈ
ગામ-પડાણા, તા.-ગાંધીધામ, જિ.-કચ્છ.

રજૂઆત કરનાર: અરજદારશ્રી પોતે હાજર છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ગાંધીધામ

રજૂઆત કરનાર: શ્રી એચ.બી.રાખોલિયા,કાર્યપાલક ઈજનેરશ્રી,પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ગાંધીધામ

## :: કોરમ ::

૧) શ્રી જે.બી.પારેખ, કાર્યવાહક ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.

તારીખ: ૨૯/૦૮/૨૦૧૯

# :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી શ્રી સોલંકી ભારુભાઈ હાજાભાઈ ગામ-પડાણા,તા.ગાંધીધામ, જિ.-કચ્છ મધ્યે રહે છે અને ઘરવપરાશનું ગ્રાહક નંબર-૬૧૮૦૪/૦૦૪૬૬/૯થી વીજજોડાણ ધરાવે છે. અરજદારને કામચલાઉ આકારણી બીલ આપવામાં આવતાં ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી પીજીવીસીએલ કચેરીનું વીજમીટર અને વીજજોડાણ આશરે ૬ વર્ષથી ધરાવે છે અને તેઓશ્રીએ મીટર સાથે કોઈ છેડછાડ કરેલ નથી.

૧.3 અરજદારશ્રીના ઘરનો વીજ વપરાશ વધુ નથી અને તેઓશ્રીએ નિયમિત બીલ ભરેલ છે અને કોઈ બીલ ભરવાનું બાકી નથી.

૧.૪ અરજદારશ્રીને ત્યાં તા.૦૭/૦૫/૨૦૧૬ના રોજ ચેકીંગ કરવામાં આવેલ અને તેઓશ્રીને તા.૨૪/૦૫/૨૦૧૬ના રોજ રજી.એડીથી કાંમચલાઉ આકારણી બીલ આપેલ.

૧.૫ અરજદારશ્રીને આપવામાં આવેલ બીલની રકમ રૂ.૩૨,૦૫૮.૭૬/- હતું.જે બીલ તેઓશ્રીને ખોટું આપવામાં આવેલ છે.

૧.૬ અરજદારશ્રી દ્વારા આ બીલ અંગે પીજીવીસીએલ કચેરીમાં તા.૦૮/૦૮/૨૦૧૬ અને તા. ૨૯/03/૨૦૧૯ના રોજ લેખિત રજૂઆત આપેલ હતી.

૧.૭ અરજદારશ્રીને આપવામાં આવેલ બીલ તેઓશ્રી દ્વારા વાંધા સાથે ભરપાઈ કરેલ છે.

૧.૮ અરજદારશ્રીએ ઉપરોક્ત જણાવ્યા મુજબ અમારૂં પીજીવીસીએલ કચેરીનું વીજલેણું બાકી ન હોવા છતાં અમોને લેણું બાકી છે. એમ જણાવીને અમોને કામચલાઉ આકારણી બીલ આપેલ છે. સદર બીલ રદ કરવા અમોએ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સુનાવણી સમયે સામાવાળા શ્રી એચ. બી. રાખોલિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ વિભાગીય કચેરી, ગાંધીધામ રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૨.૧ અરજદારશ્રી સોલંકી ભારૂભાઈ હાજાભાઈને તા.૦૭/૦૫/૨૦૧૯ના રોજ કલમ ૧૨૬નું બીલ આપવામાં આવેલ.

૨.૨ અરજદારશ્રીને આપવામાંઆવેલ બીલના નાણાં તેઓશ્રી વર્ષ ૨૦૧૭ના હપ્તેથી ભરી આપેલ અને વર્ષ ૨૦૧૮ પછી વીજબીલના નાણાં સંપૂર્ણપણે ભરપાઈ કરેલ નથી. જે તેઓ પાસેથી વસૂલવાપાત્ર છે.

૨.3 અરજદારશ્રીના બાકી લેણાં તેના વીજબીલની રકમ અંગેના જ છે. જે ગ્રાહકશ્રીએ ભરવાપાત્ર છે.

૨.૪ અરજદારશ્રીને આપવામાં આવેલ બીલ કલમ-૧૨૬નું હોવાથી ભરવાપાત્ર છે. જે વીજબીલ અંગેના નાણાં રૂ.૩૨,૫૫૪.૯૦/- હાલ બાકી છે, જે ભરવાપાત્ર છે.

## :: હુકમ ::

૩.૦ સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

૩.૧ અરજદારશ્રી સોલંકી ભારૂભાઈ હાજાભાઈ ગ્રાહક નંબર ૬૧૮૦૪/૦૦૪૬૬/૯થી પીજીવીસીએલ કચેરીનું ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે અને તેઓશ્રી રેગ્યુલર વીજબીલ ભરપાઈ કરે છે.

૩.૨ અરજદારશ્રીના જણાવ્યા મુજબ તા. ૨૪/૦૫/૨૦૧૬ના રોજ પીજીવીસીએલ કચેરી દ્વારા રજીસ્ટર એડીથી કામચલાઉ આકારણી બીલ આપેલ છે.

૩.૩ અરજદારશ્રીને આપવામાં આવેલ આકારણી બીલ અંગે લેખિત અને મૌખિક રજૂઆત પીજીવીસીએલ કચેરીમાં કરેલ પરંતુ પીજીવીસીએલ કચેરી દ્વારા એવું જણાવવામાં આવેલ કે આપનું આ બીલ ભરવાપાત્ર છે અને જો આપ આ બીલ ભરપાઈ નહીં કરો તો આપનું વીજ મીટર કાપવામાં આવેલ છે.

૩.૪ અરજદારશ્રીને આપવામાં આવેલ આકારણી બીલ કલમ ૧૨૬ મુજબ છે જે ભરવાપાત્ર છે.

૩.૫ સદર પુરવણી બીલ ગ્રાહક દ્વારા વર્ષ ૨૦૧૭માં હપ્તેથી ભરી આપેલ અને વર્ષ ૨૦૧૮ પછી વીજબીલનાં નાણાં સંપૂર્ણપણે ભરપાઈ કરેલ નથી, જે તેઓશ્રી પાસેથી વસૂલવાપાત્ર છે.

૩.૬ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ વિનિમયો-૨૦૧૧ જાહેરનામા નંબર ૦૨/૨૦૧૧ના ક્લોઝ નંબર ૨.૩૦(૨) મુજબ વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ-૧૨૬ હેઠળ સમાવેશ થતો હોય તેવા કેસમાં ફરિયાદી ફોરમનો સંપર્ક કરવા હક્કદાર નથી.

૩.૭ ઉક્ત સંજોગોમાં અરજદાર ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમનો સંપર્ક કરવા હક્કદાર નથી. આ સંજોગોમાં અરજદારશ્રીની ફરિયાદ રદ કરવામાં આવે છે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી.પારેખ)
કાર્યવાહક ચેર પર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯